# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

હેટ્રીક સફળતાથી માનવી ફૂલી જાય છે,
ને ઉત્સાહમાં કંસાર કરતાં થૂલી જાય છે,
ખૂલી જાય છે પ્રાદેસિક સીમાડા આકાંક્ષાનાં -
વિકાસ જોઇને જનતા ભૂલો ભૂલી જાય છે..

**હાઇકુ**

માંગો ઊંચાઇ!
- ને કેનાલો ભરી ધો!
વધારો શોભો..
(સબ-કેનાલ ના ઠેકાણાં નથી!)

તપાસે પણ
ખોદાય છે સુરંગ -
ગુપ્ત ને લાંબી..
(માટી કોણ નાખે છે?)

## ચિંતન

**ધાતુવાદેષુ વિતાશા મોક્ષાશા કૌલિકે મતે ।**
**જામાતરિ ચ પુત્રાશા, ત્રયમેતન્નિરર્થકમ્ ॥**

'કેવળ શબ્દોથી વચનો આપવામાં વાચાળ એવા લબાડ માણસો પાસેથી ધનની આશા, વામાચારી-તાંત્રિક મત સ્વીકારીને (જે મેલી વિદ્યા કે સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના પ્રયત્નશીલ છે) જે મોક્ષની આશા-ઇચ્છા, રાખે અને જમાઇ, પાસેથી તે પુત્રની જેમ વર્તે - એવું આચરણ કે એવું માન-પાન રાખે એવી અપેક્ષા રાખવી - આ ત્રણે બાબતો નિરર્થક છે.'

આજના નેતાઓ ચૂંટણીમાં અને અધિકારીઓ ગ્રામસભા કે દરબારમાં મીઠાં-પ્રેમાળ-વચનો આપતા હોય છે સ્મિત અને હેત દર્શાવી જાણે હમણાં જ ચેક આપી દેશે એવી રીતે 'લબાડી' કરતા હોય છે પણ એમની પાસે રાખવામાં આવેલી કોઇ ઇચ્છા-અપેક્ષા ફળતી નથી.

જે વામાચારી - તાંત્રિક સંપ્રદાયવાળા હોય છે. એમને સિદ્ધિઓ મેળવવામાં તાત્કાલિક સફળતા મળે છે, જાદુ જેવા ચમત્કારો પણ કરી પોતાનો પ્રભાવ અને પ્રસિદ્ધિ પણ વધારી શકે છે. પરંતુ આના પરિણામે તે 'માયા'માં વધારે લપેટા છે ભોગ-ઉપભોગ વધારે મળે છે પણ મુક્તિ-મોક્ષ મળતો નથી.

જમાઇ, નિકટનો સંબંધી અને પરમ સ્નેહી પરિવારનો સભ્ય જ છે, આજનાં યુગમાં પોતાના પુત્રોની પાસેથી પણ માન-સન્માન-સેવા-આદરની અપેક્ષા રાખવી એ પણ વધારે પડતી છે, તો જમાઇ-દસમો ગ્રહ જેને પત્નીના પરિવાર પાસેથી જ માન-સન્માન અને ધનપ્રાપ્તિની અપેક્ષા રાખતા રોય છે એવા જમાઇની પાસેથી પુત્ર જેવા વર્તનની અપેક્ષા રાખવી નિરર્થક છે.

## સુવિચાર

- આળશુને કોઇ જ મહત્ત્વાકાંક્ષા હોતી નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- આળશ, એ ગફલત-ગોટાળાઓનું મૂળ છે, રોગોનું પારણું છે, સમયની બરબાદી છે અને શાંતિનો મૃત્યુઘંટ છે **- બેક્સર**
- આળશુ માણસ, સામે પડેલું કામ જોઇને જ થાકી જાય છે **- આલબર્ટ બ્રી**
- આ સંસારમાં ઉદ્યમ સિવાય કોઇ મિત્ર નથી અને આળશ સિવાય કોઇ શત્રુ નથી **- પંચતંત્ર**
- ઉડાઉપણું એ ઉદારતા નથી, કંજૂસાઇ એ કરકસર નથી, આળશ એ આરામ નથી **- હન્ટર**
- સાહસહીન-કાયર અને આળશું નશીબને ભરોસે બેસી રહે છે પણ પરિશ્રમ નથી કરતો **- સંત તુલસીદાસ**
- તમને હાથપગ, મન-બુધ્ધિ અને શરીર મળ્યાં છે આળશું ન બનો, જયાં સુધી પ્રાણ ચાલતા રહે ત્યાં સુધી પ્રવૃત્તિશીલ રહો **- સાયરસ**

## બોધ કથા

કેટલીક વ્યક્તિઓનો સ્વભાવ વક્ર હોય છે એ કયારે ય કોઇની સાથે વાતચીતમાં સંમત થાય જ નહીં, એમને કોઇ વાત કરો અભિપ્રાય પણ ન માગ્યો હોય છતાં - એમની વાતની શરૂઆત જ એમ કહીને કરે, 'હું કંઇક જુદું જ કહેતો હતો' - 'એનાં કરતા' - એમ કહી પોતાનો અલગ મત દર્શાવે. -

બીરબલનો સ્વભાવ આવો જ હતો. ગમે તે પૂછો બધો જ જવાબ આપે તેનાથી એનો જવાબ જુદો જ હોય! કાજીએ બાદશાહનું આ બાબતે ધ્યાન દોર્યું. બાદશાહે મનમાં નક્કી કર્યું - કે બીરબલને એવો પ્રશ્ન પૂછ્યો કે એને બધાની સાથે 'સંમત' થઇ બધા જેવો જ જવાબ આપવો પડે! કેબીનેટ ની બેઠક મળી - બહુમતિ જોરે બજેટની ચર્ચા હતી નહીં. બધા નવરા ધૂપ હતા. બાદશાહે કેબીનેટમાં પ્રશ્ન મૂક્યો. 'એક ને એક કેટલા?' બધાએ નિશ્ચિત જ જવાબ દીધો - 'બે.'

હવે બાદશાહે બીરબલને પૂછ્યું - બોલ!

'એક ને એક' કેટલા? - બાદશાહ હવે મૂછ પર હાથ ફેરવવા લાગ્યા -

બીરબલ કહે - 'એક' બધાને આશ્ચર્ય થયું. બાદશાહે કરડાકીથી પૂછ્યું - મને સમજાવી, સાબિતી કર. ઢગલી ઉમેરો તો કેટલી થાય?

# કષ્ટાળુ કામવાળી..!! ચોકસાઈ અને પ્રામાણિકતાથી બિછાવી લાગણીની ચાદર..!!

## હસતાં ચહેરાનો મતલબ એવો નથી કે તેની પાસે દુઃખ નથી, એનો અર્થ એવો થાય છે કે એ બાઇ દુઃખને જીતીને તેને હાંકી કાઢવાનું જાણે છે

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

આ કદાચમાં રહેનારી (આઇ.ટી. વાઇફ, વર્કિંગ વાઇફ, રિચ નૉન વર્કિંગ વાઇફ) ગૃહિણીનો લાગણીસભરનો વિષય હશે. આજકાલ સારી કામવાળી મળવી એટલે માથે ઘુમટો તાણી ઘરમાં ફરે એવી વહુ લાવવા જેવી વાત છે, એટલે કે અત્યંક કઠિન વાત છે, એવું બધી મહિલાઓનાં મોંઢે સાંભળવા મળે છે... વિશ્વ મહિલા દિનની યાદો તાજી જ છે એટલે એવી જ એક મહિલા કે જેનું દરેક ઘરમાં આગવું સ્થાન છે, અને સૌથી જરૂરિયાત છે એવી બાઇ એટલે કે કામવાળીની વાત...

વાત તો આમ જુની છે. હું બેંગ્લોરમાં નવોસવો જ રહેવા ગયેલો. ઑફિસ શહેરની બહાર હોવાથી, એની આસપાસ રહેવું જ જરૂરી હતું. પગાર પણ ઓછો હતો. લોટેગોલ્લાહલ્લી નામનું એક ગામડું. એમાં એક બેડરૂમ હૉલ કિંચનનાં ફ્લૅટમાં રૂમ પાર્ટનર જોઇએ છે એવી જાહેરાત અમારા ઑફિસમાં લાગેલી જોઇ, ભાડું ઓછું હતું અને રૂમ પાર્ટનર પંજાબી હતો એટલે ખાવાપીવાની ખેંચ પડશે નહીં એવું માનીને આજ મારૂં શ્રેષ્ઠ ઘર સમજી ગોઠવાઇ ગયો...



શનિવારે સાંજે રહેવા ગયો. રવિવારે સવારે ''બચ્ચા ઉઠો'' એવો અવાજ આવ્યો અને હું આંખો ચોળતો ઊભો થયો. એક બેન હાથમાં ઝાડુ લઇ મારા સામે ઉભાં હતા. ઉંમર કંઇ બહુ નહીં હોય, મધ્યમ બાંધો, કાણો વર્ગ, ઉંમર કદાચ ૨૪-૨૫ હશે, સાડા પાંચ ફુટની હાઇટ એટલે પેલાં સ્લમડૉગ મિલિયોનરી ફ્રેડા પિન્ટો જેવી લાગે... ઊંઘમાંથી ઊઠેલો એટલે આ શું છે સમજાયું નહીં એટલામાં પવન (રૂમ પાર્ટનર) આવ્યો. ''ઉઠજા ઑયે, ઉઠજા ભાઇ, સાફ સફાઇ કા ટાઇમ હૈ.''

રવિવારની સવારનાં ૭ વાગે મનમાંને મનમાં અકળાતો ને પેલી બેન સામે ઘુરકીયા કરતો કચકચ કરતો ઉઠ્યો અને બ્રશ કરતો હતો એટલામાં પેલી બાઇ ફરી સામે ઊભી રહી. ''કપડા કૌન સા ધોના?'' એનીમાને... મેં નકારમાં માથું હલાવ્યું. એટલામાં બીજો પ્રશ્ન, ''બ્રેકફાસ્ટ કયા હોના?''...

''યાર, પવન, યે કયા ટેન્શન હૈ''

''સમય જાયેગા મેરે દોસ્ત, પ્રજ્ઞેશ''

બ્રેકફાસ્ટ ટેસ્ટી હતો. સોમવારથી ઑફિસ ફરી શરૂ થઇ ગઇ. સવારનો બ્રેકફાસ્ટ અને લંચ ઑફિસમાં જ થતો. રાત્રે ઘેર જઇએ ત્યારે રસોઇ તૈયાર રહેતી. પણ શનિવાર - રવિવાર આ કામવાળી બાઇ મને કંઇ શાંતિથી જીવવા દે ના... પણ ધીમે ધીમે એની ટેવ પડવા માંડી અને પછી તો ઘણી બધી વાતો આ બાઇની જાણવા મળી...

આ બેનનું નામ શાંતિ હતું. સામાન્યતા પતિ પત્નિને તરછોડતાં હોય છે, પણ આણે દારૂડિયા, કામ ન કરનાતાં પતિને તરછોડી દીધેલો અને બબ્બે બાળકોની જવાબદારી ઉપાડી લીધેલી. છેલ્લા ૬ મહિનામાં શાંતિએ એક પણ રજા લીધી નહોતી. સવારે પાંચ વાગે ઉઠી છોકરાઓને નવરાવી - ધોવરાવી તૈયાર કરી સ્કૂલે મુકી આવતી, પછી દિવસભર ૫-૬ ઘરનાં કચરા-પોતાં વાસણ કરી ફરી સ્કૂલેથી છોકરાઓને ઘરે લઇ આવતી... છોકરાઓ તો 'અક્ષયપાત્ર'નું ભોજન કરી આવતાં આ બાઇ ભાત અને રસમનાં ભોજનનો ઓડકાર લઇ, બપોરે એકાદ કલાક આડે પડખે થઇ જતી... શનિવારે અને રવિવારે બાળકોને સાથે લઇને કામો પતાવી પછી એ ઘરે જતી!!

મને એક વાતનું કાયમ આશ્ચર્ય હતું, ભરયુવાન વયે માત્ર ૨૪-૨૫ની ઉંમર છતાં છેલ્લા ૩ વર્ષમાં એક પણ નવી સાડી ન ખરીદતાં કે દવા-દારૂ પર એક પણ રૂપિયોના ખર્ચ ના કરતાં એ જીવનનાં સંઘર્ષને હસતે મોંએ ઉપાડી રહી હતી. એનાં હસતાં ચહેરાનો મતલબ એવો નથી કે તેની પાસે દુઃખ નથી, એનો અર્થ એવો થાય કે એ બાઇ દુઃખને જીતીને તેને હાંકી કાઢવાનું જાણે છે...

અમારાં ધોવાં નાખેલાં કપડામાં એકાદી ૧૦ રૂપિયાની નોટ હોય કે ખૂણામાં પડેલો બે-પાંચ રૂપિયાનો સિક્કો હોય, અરે ફ્રિજમાંથી ખરાબ થવા આવેલું એકાદું શાક પણ આ બહેને પૂછ્યા વગર લીધું નથી. યુવાન એવી આ બાઇને અમારાં જેવા બબ્બે બેચલર પુરૂષો પાસેથી કયારેક પસાર થવાનું આવે તો શરીર સંકોચાઇને, નજર નીચી કરીને જ નીકળે અને એનું શુધ્ધ ચારિત્ર્યની ખાત્રી કરાવતી જાય, અને એનાં આવાં વર્તનથી અમારા મનમાંય કયારેક એના માટે વિકાર જન્મ્યો નહીં... કયારેય શાળાનો ઉંબરો ના ચઢેલી શાંતિ હિન્દી સહિત ૫ ભાષા જાણતી હતી. એને થોડું ઘણું અંગ્રેજી આવડે છે એવું જાણ્યા બાદ મને મારી જાત પર જ શરમ આવેલી કે આપણે ગુજરાતીઓ અંગ્રેજીથી કેમ અંજાઇ જઇએ છીએ!!

મને નાનકડાં બાળકો પહેલેથી જ ગમે છે અને શાંતિનાં બંને ભૂલકાઓ મને ગમવાં લાગેલાં. શનિવાર, રવિવાર અને આ બાળકો મારાં ઘરે આવે એટલા માટે એમનાં આવવાથી અને રમવાની મને મજા પડતી. હું એમની સાથે નાનકડો બની જતો. અમને એકબીજાની બાષા આવડતી નહોતી છતાંય હું એમની રાહ જોતો. એ ભૂલકાઓ જોડે હું એમની ભાષા શીખવાનો, બોલવાનો પ્રયત્ન કરતો અને જયાં જરૂર પડે ત્યાં શાંતિ અમને મદદ કરતી... એકવાર હું એમનાં માટે ડૉમીનોઝનાં પીત્ઝા લઇ આવ્યો, એ બાબત પર શાંતિ ખુબ નારાજ થઇ ગઇ...

હું : ''કયા હુઆ? પીત્ઝા હૈ, બચ્ચે પસંદ કરેંગે.''

શાંતિ : ''નહીં બચ્ચા, મૈં દિનમેં એક બાર કુકરમેં બાત (ભાત) લગાતી હું, હમારા સારા દિનકા કાના (ખાના) ઉસીમેં હોતા હૈ, આપ ઉન્હે પીત્ઝા દેંગે ઔર વહ કલ ફીર પીત્ઝા માંગેગે તો મેં ઉન્હે નહી દે સકતી...''

એની ગરીબી એની કરૂણ આંખોમાંથી વહેતી હતી. અને હું એ ગરીબ માવડી સામે જોયાં વગર કંઇ પણ કરી શક્યો નહીં, એનાં આંસુ લુંછવાની કે સાંત્વના આપવાની મારામાં ક્ષમતા જ નહોતી!!

એક દિવસ - ''બચ્ચા, એ લો મિઠાઇ'' શાંતિ.

હું : ''કયા હુઆ?''

શાંતિ : ''મેરી બેટી પાસ હો ગઇ, ટીચર કહેતે હૈ કી વહ સ્કૂલ મેં ફર્સ્ટ આઇ હૈ''

હું : ''યહ લો, સૌ રૂપિયે, મેરી તરફ સે ઉસકો કુછ દે દેના.'' એણે સજળ નેત્રે પૈસા લઇ લીધા.

શાંતિ : ''બચ્ચા, યે પૈસે મેં ઉસકે સ્ટડી મેં ખર્ચ કરેગી. મેરે બચ્ચે ભી એક દિન આપકે જૈસે સાહબ બનેગેં.''

આવું બોલી એ પીઠ ફેરવીને ચાલી ગઇ... હવે અશ્રુનો અભિષેક મારી આંખોમાં હતો... હું પ્રજ્ઞેશ પટેલ, બેંગ્લોર છોડીને ગાંધીનગર આવીને વસ્યો છું, પણ વિશ્વ મહિલા દિવસે શાંતિની યાદ આવ્યાં વગર રહેતી નથી...

ચૂંટલો :

વિશ્વ મહિલા દિવસે અનેક કાર્યક્રમો યોજાઇને મહિલાઓનાં ગુણગાન ગવાય છે, પણ શાંતિ જેવી કેટલીયે મહિલાઓ એમની ચોકસાઇ અને પ્રામાણિકતા સાથે કોઇ નામ ઠામ વગર જિંદગી જીવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે, એવી અસંખ્ય કામવાળી મહિલાઓને સલામ...

**Hello ફ્રેન્ડ્સ**

ગાંધીનગર સમાચારે એક વર્ષ પૂર્વે એના નવા રંગરૂપ સાથે પાનાં વધાર્યા.... નિયમિત રૂપે નામઠામ વગર વિવિધ વિષયો પર આવતાં મારા લેખને એક નિયમિત મુકામ આપવાનું નક્કી કરી Hello ફ્રેન્ડ્સ કોલમ ચાલુ થઇ...

એક વર્ષના બાવન હપ્તામાં ૧૫ થી ૩૫ વર્ષનાં યુવાનોને ધ્યાને રાખી એમની મુંઝવણ, સમસ્યા, ઉત્સાહ, શૌર્ય, સાહસ, સિધ્ધિ, સંશોધન જેવા વિવિધ મુદ્દાઓની રજૂઆત મારી - તમારી રોજબરોજની ભાષામાં કયારેક લેખ તો કયારેક વાર્તા ઘડીને મુકી... એક વર્ષમાં અનેક યુવક-યુવતીઓની શુભેચ્છાઓ અને વાર્તાના પ્લૉટ પણ મળ્યા...

કયારેક કોકે એમ કહ્યું કે, ''આ તો અમારાં માટે જ લખાયું છે, આ મારી દીકરીની જ વાર્તા છે...'' ત્યારે લખેલું સાર્થક લાગ્યું અને ઉત્સાહ પણ વધ્યો.

હું તમને, યુવાનોને પ્રેમ કરૂં છું અને તમારાં માટે જ ખાસ લખું છું. તમારી વાતો મારી સાથે શેઅર કરજો, હું એને મારા અંદાજમાં રજૂ કરીશ...

તમારા ફોન - ઈમેઈલનાં ઈંતેજારમાં... **- સંજય થોરાત**

# ... મારૂં સદ્ભાગ્ય જેથી મને માબાપનો સ્નેહ મળ્યો, ફક્ત સ્નેહ નહીં હું આત્મનિર્ભર બનું તેવું શિક્ષણ અને સામર્થ્ય પણ તેમણે જ મને આપ્યું... બધું મળી ગયા પછી આ કેવો ગુંચવાડો ઊભો થયો છે

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

સંધ્યા સમયે નદીને કિનારે એક અબોધ બાળકી ઉદાસ ચહેરે કોઇની રાહ જોતી હતી. જોતો, વિચારતો અને પસાર થઇ જતો. એક દિવસ તેની પાસે જઇ માથે હાથ મૂક્યો. ચોંકીને એ મારા પગને વળગી પડી. અને જોર જોરથી રડવા લાગી.

'શું છે બેટા?'

'મમ્મી પપ્પા કેમ આવતાં નથી?'

'કયાંથી આવવાનાં છે?'

'સામેથી...' તેનો ઇશારો નદીના પટ તરફ હતો. ફ્રોકથી આંસુ લૂંછી પછી એ બોલી. 'માછલીઓ તેને પોતાની સાથે નીચે લઇ ગઇ... તમે તો મોટા છો. અંકલ તેને કાઢી આપો ને.'

હું નિરૂત્તર નદીના વહેતા પ્રવાહને જોતો રહ્યો. બંને કાંઠે વહેતી નદીનું પાણી દૂર દૂર સુધી ફ્લાયેલું હતું. ઉપરવાસથી પાણી છોડવામાં આવેલું હોવાથી ધસમસતા પ્રવાહમાં ઝાડના ડાળખાં અને કિનારે પહેલી કોઇ વસ્તુઓ તરતી તરતી જતી હતી. પાણીનો એ વેગ જોઇને મને પણ બીક લાગતી હતી. બાળકીએ મારો હાથ પકડી લીધો. વધુ કંઇ વિચાર કર્યા વિના હું તેને મારા ઘેર લઇ આવ્યો. મારાં પત્ની ઘેર નહોતાં, બા મંદિરે ગયાં હતાં.

'અંકલ ભૂખ લાગી છે.' મને સંકોચ થયો. ઘરમાં કઇ ચીજ કયાં હોય છે તેની મને ખબર નહોતી.શોધાશોધ શરૂ કરી. ગરમામાંથી બે ટાઢી રોટલી અને ફ્રીજમાંથી દૂધ કાઢીને તેને આપ્યું. છોકરી એવી રીતે ખાતી હતી જાણે તેને કોઇ મિષ્ઠાન મળી ગયું હોય. 'બહુ સારી છે. મજા પડી ગઇ' વારંવાર હંસતી ખુશ થતી જાણે કે મારો આભાર વ્યક્ત કરતી હતી. ખાધા પછી વોશ બેઝીન પાસે જઇ હાથ ધોયા અને ડીશ તેમજ વાડકી તેણે માંજીને મુકી દીધી. તે દરમિયાન બા આવી ગયાં. તેમની ચડેલી ભ્રુકુટી જોઇ તે ગભરાઇ. પોતાના ફ્રોકની ચાળ વડે હાથ લુંછવા લાગી. ડરના માર્યા બહારની તરફ જોવા લાગી. હું તેને પકડું એ પહેલાં એ બહાર ભાગી ગઇ. અંધારૂં થવા આવ્યું હતું. એવામાં તેને રોકવી જોઇએ એમ લાગતાં હું તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. મને આવતો જોઇ એ ભાગવા લાગી.

અનોખો સીન ક્રીએટ થઇ રહ્યો હતો. મેં જોયું કે તે પોતાના ઠેકાણે જઇને બેઠી હતી. માસૂમ બાળકીને આમ એકલી મુકીને જવું મને બરાબર ન લાગ્યું. 'બેટાં, તું હવે ઘરે જા' મેં એટલું કહ્યું ત્યાં એ રડવા લાગી. તેને કેવી રીતે શું સમજાવવું એની મને સમજ પડતી નહતી. તેને ધમકાવી શકાય તેમ પણ ન હતું. ઘરેથી નીકળતાં થોડી ચોકલેટો પેન્ટનાં ખિસ્સામાં મુકેલી તે યાદ આવી. મીઠું ખાવાની શોખીન આ ઢીંગલી એનાથી કદાચ મારી વાત માની જશે એમ મને લાગ્યુ. મારી યોજના પાર પડી ગઇ. ધીરે ધીરે ડગલાં ભરતી એ પૂર્વ દિશા તરફ આગળ વધી ગઇ. હું પાછો આવતો રહ્યો.

બીજે દિવસે એ બાળકીના સંમોહનથી ખેંચાઇ હું ફરી એજ જગ્યાએ નદી કિનારે પહોંચ્યો તો ત્યાં તેને બેઠેલી જોઇ. ઓફિસ જવાનું મને અગત્યનું ન લાગ્યું. હવે તે મારા પર વિશ્વાસ કરવા લાગી હતી. હું તેની નજીક પહોંચ્યો એટલે તેણે મારો હાથ પકડી લીધો. 'અંકલ ચોકલેટ' તેની માંગણી જોઇને ખિસ્સામાંથી ચોકલેટો કાઢી તેની સામે ધરી દીધી. ઝપટ મારીને તેણે બધી જ ચોકલેટો લઇ લીધી. આ બાળકીનું શું કરવું તેનો કંઇ નિર્ણય હું કરી શકતો ન હતો. કોઇ જાણીતાનું નામ સરનામું પણ એ કહેતી ન હતી. મમતા કેન્દ્ર અને તેનાં સંચાલક દેવચંદભાઇનો મારે પરિચય હતો. બાળકીને લઇને હું ત્યાં પહોંચ્યો. પતરાંવાળા શેડની થોડીક બાલિકાઓ પ્રાર્થના ગાઇ રહી હતી. 'મંગલ મંદિર ખોલો દયામય...' પોતાના જેવડી બાલિકાઓને જોતાં તેનાં ચહેરા પર ચમક આવી ગઇ. એ તેમની પાસે જઇ ઉભી રહી. ત્યાં સુધીમાં દેવચંદભાઇ પણ આવી ગયા.

'બોલો સાહેબ, કેમ આવવાનું થયું?' મારી સાથે આવેલ બાળકીને જોઇ તેમણે અનુમાન તો કરી જ લીધેલું. તેણે મારો હાથ બરાબર પકડી રાખ્યો હતો. તે નિરંતર મારી તરફ જોતી હતી. એ સ્થિતિમાં તેને મમતા કેન્દ્રમાં મુકવાનું મુશ્કેલ લાગતું હતું. સ્વયં સંચાલક દેવચંદભાઇએ પણ મને તેને સાથે લઇ જવા કહ્યું. તેથી ઘેર લાવવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન હતો. મારી સાથે તેને જોઇને બાનો પારો ચડી ગયો.

'કોણ જાણે કોણ છે? નાત-જાત કંઇ જોયા વિના ઘેર લઇ આવ્યો. તને કંઇ ભાનબાન છે કે નહીં.'

'બા, એવું ન વિચારો, તેને આપણા જેવા જ હાથ, પગ, નાક કાન ને આંખો છે. માણસ છે એટલું શું પૂરતું નથી, તેની નાત જાતની વાતો કરવી નકામી છે. તમારી વહુ સપના તો એવી વાત કયારેય કરતી નથી.'

એ કયાંથી કહેવાની. તે પોતે ખ્રિસ્તી છે તેને વળી ધર્મ કેવો. જયાં ખાવા પીવા મળ્યું ત્યાં કબજો જમાવી દેવાનો. રોહિત ને તો તમે ઓળખો જ છો. તે અનાથાશ્રમમાંથી બે સુકલકડી છોકરાંઓને લઇ આવેલો. કેવાં ખાઇપીને તાજાં થયાં છે. બાનું ભાષણ ઘણીવાર સુધી ચાલતું રહ્યું. રહી વાત સપનાની તે મારી ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટર છે. વિવેકી સંસ્કારી અને વિનમ્ર સ્ત્રી છે. પગાર પણ મારાથી વધારે છે પણ બાના વિચારો સાથે તેનો મેળ બેસતો નથી.

બા આ દિકરીનું નામ મહેંક છે. વાતાવરણમાં ફેલાતી કટુતાને દૂર કરવા મેં કહ્યું એ સાંભળતાં જ તેમનો ગુસ્સો ઉભરાઇ આવ્યો. 'અરે! નામથી શું ફરક પડે છે હવે તો ભંગી ચમાર ગમે તે પંકજ, પ્રભુ, ગોપાલ, હરિ જેવાં નામો રાખી લે છે. તેનાથી એની ઓળખ કઇ રીતે થઇ શકે.'

આ દરમિયાન સપના ઓફિસથી આવી ગઇ હતી. હું ત્યાંથી ખસી ગયો. છોકરી વિષે ટૂંકમાં મેં ફોન પર વાત કહેલી તેથી તેને જોતાં જ તેણ તેડી લીધી. કેવી ભોળી છે. આ છોકરી. તેણે તેના માથા પર હાથ ફેરવ્યો. તે વિચારવા લાગી. સંતાનના અભાવમાં તેને જાણે કે સહારો મળી ગયો. સપનાએ મારી ઇચ્છા સ્વીકારી અને તે બાળકી અમારી સાથે રહેવા લાગી. મહેંકની તંદુરસ્તી અને ભણતર બાબતે અમે એક માબાપ જેટલાં જ સજાગ હતા. તે મારા ચહેરામાં તેનાં પિતાનો ચહેરો જોતી તે એવો ચમત્કાર સિધ્ધ થયો કે તે અમારા હૈયાંનો હાર બની ગઇ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# નામ જેનું મેળો - એટલે જ મનગમતાં ને મળવાનું સજ્જડ બહાનું

### પારિજાત

- રેખા ભટ્ટ

હું તો ગઇ'તી મેળે,
મન ! મળી ગયું એની મેળે, મેળામાં !
હૈયું હણાઇને ગયું તણાઇ,
જોબનના રેલામાં ! મેળામાં...

જાતજાતના તહેવારોની સાથે મેળાઓ અચૂક જોડાઇ ગયા છે. મોજમસ્તી અને ગીતોથી છલકાતું વાતાવરણ યાદ આવી જાય મેળાને યાદ કરીએ એટલે !

નામ જેનું મેળો એટલે જ મનગમતાં ને મળવાનું સજ્જડ બહાનું. મેળાની ભીડ - નદીના પ્રવાહની જેમ સતત આવતું લોક તેમ છતાંયે સૌ કોઇને પોતપોતાનો મનગમતો સંગાથી હોય છે. અને માણસોથી છલકાતા-ઉભરાતાં મેળામાં પણ મનની વાત આંખનાં ઇશારાથી પ્રિય પાત્ર સુધી પહોંચ્યા વગર રહેતી નથી. શરૂઆતમાં અલગ-અલગ ટોળકીઓ બનીઠનીને જે મેળા મ્હાલવા નીકળી પડી હોય તે સાંજ સુધીમાં સાથીદારને શોધી કાઢે છે અને ગીતો ગાઇને કે પાવાનાં સૂર રેલાવીને મનની વાત પહોંચાડી દે છે.

આગળ ચાલી જતી રંગબેરંગી ગવન ઓઢેલી યુવતીઓ અને એમનું પગેરૂં દબાવતા, પોતાની ઉતાવળી ચાલને ધીમી પાડીને આવી રહેલા જુવાનિયા. એવું દૃશ્ય અચૂક નજર સમક્ષ આવી જાય છે જયારે પણ 'મેળો' શબ્દ કાને અથડાય છે ત્યારે. અને યાદ આવી જાય છે મળેલા જીવનાં કાનજી અને જીવી - પન્નાલાલ પટેલે સર્જેલાં અમર પાત્રો - જે મેળામાં જતાં મળી જાય છે - હૈયાની વાતોની આંખનાં ઉલાળાથી એકબીજાને પહોંચી જાય છે અને સર્જાય છે એક અમર પ્રેમકથા - જેનાં પાત્રો કાનજી અને જીવી એક જ જ્ઞાતિનાં ન હોવાથી પરણી શકતા નથી. એકબીજા વગર ઝૂરતા હોવા છતાં સમાજની મર્યાદા જાળવવા એક ગામમાં રહીને પણ એકબીજાને મળી શકાય તેવો પ્રસંગ ઊભો થવા દેતાં નથી. છતાંયે એમનાં લગ્નજીવન પર એમનાં પ્રેમનો ઓછાયો સુખ-ચેનથી રહેવા દેતો નથી. રોજેરોજના કજિયા, મારઝૂડ જીવીને છેવટે ગાંડી કરી મૂકે છે. અને આખી દુનિયાથી તિરસ્કૃત, સર્વસ્વ હારેલી, જીવતે મરેલી, રૂપ-ગુણ, સાનભાન, બધું ગુમાવી બેઠેલી જીવીને છેલ્લે કાનજી પોતાના સાથે લઇને ચાલી નીકળે છે - કેમ કે કાનજી ઉપર ભરોસો મૂક્યો હતો જીવીએ.

એટલે આતો મળેલા જીવનો મેળો. અને આમ જૂઓ તો આપણે સૌ મેળાની જેમ તો ભેગાં થયા છીએ. જેમાં આવવું - મ્હાલવું. જાતજાતનાં રમકડાંથી રમવું - ચગડોળની જેમ વર્ષો ઉપર-નીચે થયા કરે.

આપણે સૌ મનગમતું રમકડું મળી જાય એટલે રાજી-રાજી અને છીનવાઇ જાય તો દુઃખી દુઃખી.

એમ કરતાં કરતાં કયારે મેળો ઉલવા લાગે તે ખબર પડતી નથી.

અને, કવિશ્રી રમેશ પારેખની કવિતા પણ અચૂક યાદ આવી જાય.

"આ મન પાંચમના મેળામાં સૌ જાત લઇને આવ્યા છે.
કોઇ આવ્યા છે સપનું લઇને કોઇ જાત લઇને આવ્યા છે.
કોઇ ફૂગ્ગાનું ફૂટવું લાવ્યા, કોઇ દોરાનું તૂટવું લાવ્યા
કોઇ અંગત ફાડી ખાનારૂં એકાંત લઇને આવ્યા છે.
કોઇ લાવ્યા ખિસ્સું અજવાળું કોઇ લાવ્યા મુઠ્ઠી પતંગિયાં,
કોઇ લીલી સૂકી આંખોની મિરાત લઇને આવ્યાં છે."

# આજના દિવસનો મહિમા : વર્ષગાંઠ નિમિત્તે... આભાર...

પૂ. મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીકૂચના આરંભ દિવસે અને સત્તાવીસ વર્ષથી ગાંધીનગર શહેર - જિલ્લો અને ઉત્તર ગુજરાતની આમ જનતાનો અવાજ બની રહેલ 'ગાંધીનગર સમાચાર'ને જન્મદિને હાર્દિક શુભેચ્છાઓ.

તા. ૧૨મી માર્ચ-૨૦૧૨ થી 'ગાંધીનગર સમાચાર' માં 'આજના દિવસનો મહિમા' કોલમના પ્રારંભ કર્યો. ત્યારે ખ્યાલ નહોતો કે નિયમિત રીતે - પ્રતિદિન આ ઘણો લાંબો પંથ કપાશે. શુભેચ્છકોની પ્રેરણા - પ્રોત્સાહનથી વર્ષ પૂરૂં થયું.

સમાજનાં ઉત્થાનમાં વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, સમાજસેવકો, સંતોમહંતો, સાહિત્યકારો, દાતાઓ, કલાકારો, રમતવીરો વિગેરેનું ઘણું મોટું પ્રદાન છે, સમગ્ર વિશ્વ તેમનું ઋણી છે. આપણે તેઓનાં ઋણનો બદલો કેવી રીતે ચૂકવીએ? ત્યારે એમ થાય કે તેઓનાં જીવનનાં પ્રસંગ - જન્મદિન - પુણ્યતિથિ વિગેરેને યાદ કરીએ તો પણ ઘણું. એટલે તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહાના સૂચનને આવકારીને 'આજના દિવસનો મહિમા' લખવાની પ્રામાણિક કોશિષ કરી છે.

મનુષ્ય ઉત્સવ પ્રિય છે. વિકસતા જતા જ્ઞાન-માહિતીના જગતમાં રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ નક્કી થયેલાં વિવિધ વિષયો, સપ્તાહ વિગેરેને પણ આવરી લઈને આ કૉલમમાં સમાવવા પ્રયાસ કર્યો છે.

માણસમાં જ્ઞાનની ભૂખ વધી છે. નવી નવી વાતો જાણવાની જિજ્ઞાસા છે. દેશ-દુનિયામાં પ્રતિદિન હજારો ઘટનાઓ બને છે. વ્યક્તિગત - સામૂહિક - આર્થિક - સામાજિક કે રાજકીય આ કોલમમાં વર્ષો પહેલાં જે તે વર્ષે - તારીખે બનેલી ઘટનાની વિગતો આપવામાં આવી. વાંચકો દ્વારા આ કૉલમ ઉમળકાભેર આવકારાયું. કેટલાંકને આમાં કંઇક વિશેષ મહત્ત્વ ના પણ લાગ્યું. પરંતુ દિન વિશેષના મહાનુભાવોને વાંચકો સમક્ષ મુકીને મેં 'ગાંધીનગર સમાચાર'ના માધ્યમ દ્વારા સલામ કરી. આ વિશ્વ વિભૂતિયોને આજની પેઢી - નવી પેઢી ઓળખે તે માટે સમાચારપત્રોના માધ્યમથી રજૂ કરી. તેઓનું સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા કોશિષ કરી. તેનો યશ 'ગાંધીનગર સમાચાર' નાં સૂત્રધારો, કર્મયોગીઓ તથા બહોળા વાંચક વર્ગને આપું છું. આ કાર્યમાં પ્રેરક મુ. કૃષ્ણકાન્ત ભાઈ જહા, પ્રોત્સાહક શ્રી યશવંત કડીકર, શ્રી બિપીનચંદ્ર વૈષ્ણવ, શ્રી અમૃત બાન્ટાઈવાળા, ડૉ. એલ.સી. ચાવડા, શ્રી યશવંત મહેતા, શ્રી જગદીસ બિનીવાલે, શ્રી પ્રકાશ લાલા, શ્રી હિરેન ભટ્ટ, શ્રી અરવિંદભાઈ આર. પટેલ, અને શ્રી જનક દેસાઈ સહિત અનેક સ્નેહીઓનો હાર્દિક આભાર વ્યક્ત કરૂં છું.

આમાં જે કોઈ સારૂં લખાયું તે તમારૂં, અને જે ક્ષતિ રહી તે મારી. આપના સૂચનો મારા માટે પ્રેરક બની રહેશે તેવા આભારના ભાવ સાથે...

**- ભાનુપ્રસાદ દવે**